ૐ

શ્રી પરમકૃપાળુ દેવાય નમઃ

# વર્તે અંતરશોધ

## Model Answer Paper

Marks : 100

Paper તપાસતી વખતે Model Answer Paperમાં આપવામાં આવેલા pointsને વફાદાર રહેવું. જુદાં જુદાં options આપવામાં આવ્યા છે જેથી તપાસવામાં સરળતા રહે. તેમાંથી કોઈ પણ option લખ્યો હોય, તેનો ભાવ આવી જતો હોય તો marks આપવા.

(I) નીચેના પ્રશ્નોના ઉત્તર ચોકઠાંમાં ભરો. (Answer the questions given below in boxes on the right.) Marks : 20

દરેક સાચા જવાબ માટે 2 marks આપવા.

| | | | | | ૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | અં | ત | ર |
| | | ૨ | પ | ર્વ | ત | | |
| | | ૩ | સ્વી | કા | ર | | |
| | | | | | શો | | |
| ૪ | ઋ | ણા | નુ | બં | ધ | | |

| | | | | ૧૦ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | નિ | ર્વિ | ક | લ્પ |
| ૭ | ક્રો | ધા | | દિ | | | |
| | | | | ધ્યા | | | |
| | | | ૮ | સ | દ્દ | ગુ | રુ |
| ૯ | ભે | દ | જ્ઞા | ન | | | |

(II) સાચો જવાબ પસંદ કરો. Marks : 10

દરેક સાચા જવાબ માટે 2 marks આપવા.

(૧) (b) નિર્વેદ

(૨) (a) કોન્શિયસ (જાગૃત)

(૩) (c) અનુમોદના

(૪) (b) શ્રદ્ધા

(૫) (a) પહેલા

(III) ઈન્ટ્રોસ્પેક્શનના ચાર તબક્કાઓનાં નામ તેના અર્થ સામે લખો. (Write the names of the 4 stages of introspection against their meanings.) Marks : 8

દરેક સાચા જવાબ માટે 2 marks આપવા.

(૧) સબ્સ્ટિટ્યૂશન

(૨) ડિટેક્શન

(૩) ઈન્સ્પેક્શન

(૪) નિગેશન

(IV) વિધાન સાચું છે કે ખોટું તે જણાવો. જો ખોટું હોય તો કારણ આપો. Marks : 10

દરેક સાચા જવાબ માટે 2 marks આપવા.

False લખ્યું હોય પણ કારણ ન લખ્યું હોય અથવા ખોટું કારણ લખ્યું હોય તો 0 mark.

True માટે કારણ અપેક્ષિત નથી.

(૧) False. ઉત્પન્ન થતા નથી, દેખાય છે. / ઉત્પન્ન થતા નથી, દોષ હતા જ.

(૨) False. કર્મોને પણ બાદ કરવાના છે. / અન્ય તથા કર્મોને બાદ કરી પોતાનાં પરિણામ પર ધ્યાન આપવાનું છે.

(૩) False. પાપના ભાવ પ્રત્યે ધિક્કાર હોવો જોઈએ.

(૪) False. ખોટો સ્વીકાર છે. / અયથાર્થ સ્વીકાર છે. / ખેદ કરી તે દોષને કાઢવાનો પુરુષાર્થ જાગે તો સાચો સ્વીકાર છે.

(૫) True.

(V) થોડા શબ્દોમાં જવાબ લખો. (Answer in few words.) Marks : 12

દરેક સાચા જવાબ માટે 2 marks આપવા.

(૧) ડિફેન્સ પ્લાન / બચાવની યોજના – 1 mark
એક્શન પ્લાન / એટેક પ્લાન / આક્રમણની યોજના – 1 mark

(૨) સ્વપુરુષાર્થથી / પોતાની રુચિથી

(૩) Friend / મિત્ર – 1/2 mark
Guide / માર્ગદર્શક – 1/2 mark
Comforter / સહારો / આધાર / દિલાસો આપનાર – 1/2 mark
Inspirer / પ્રેરક – 1/2 mark

(૪) ૧) કન્ફેશન કરાવે / confess
૨) કન્વિન્સ કરે આધ્યાત્મિક જીવન માટે / convince
૩) ઉત્સાહ ક્રિએટ કરે / create
૪) પર સાથે કોમ્પ્રોમાઇઝ કરાવે / compromise
૫) સ્વ સાથે કનેક્ટ કરાવે / connect
આમાંથી કોઈ પણ એક લખ્યું હોય તો 1 mark અને બે લખ્યા હોય તો 2 marks આપવા.

(૫) ૧) રિસેપ્શન્સ / receptions – 1 mark
૨) રિસ્પોન્સિસ / responses – 1 mark

(૬) ૧) Instructions / આજ્ઞા – 1 mark
૨) Precautions / સાવધાની / સાવચેતી – 1 mark

(VI) એક કે બે વાક્યમાં જવાબ આપો. (Answer in one or two sentences.) Marks : 15

દરેક સાચા જવાબ માટે 3 marks આપવા.

(૧) જો સત્સંગ કરે છે તો તું આવો છે તો જો સત્સંગ ન કરત તો કેવો હોત એટલે સત્સંગ ચોક્કસ મદદરૂપ છે.

(૨) કારણ કે - તે શાસ્ત્રની અને પોતાની બુદ્ધિની મર્યાદા જાણે છે. / શાસ્ત્રનું અર્થઘટન ખોટું થઈ શકે. / પોતે શું કરવું જોઈએ તે શાસ્ત્રમાંથી પકડવું કઠણ પડે. / સદ્‌ગુરુ તેના પ્રશ્નોનું સીધું સમાધાન આપે છે.

(૩) જિજ્ઞાસુ ખિસકોલીની જેમ ખૂબ સાવધાન હોય છે કે કોઈ પણ દિશામાંથી દોષ આવી ન જાય, તેનામાં વિકાર ઉત્પન્ન ન થાય.

(૪) જિજ્ઞાસુ વેલની જેમ માર્ગમાં કોઈ પણ પ્રતિકૂળતા કે અવરોધ આવે તો અટકતો નથી. / જિજ્ઞાસુ જીવ પ્રતિકૂળતાથી ડરતો નથી. પ્રતિકૂળતામાં પણ ફાયદો કરે છે, આગળ વધે છે.

(૫) પગમાંથી કાંટો કાઢવાની ઉતાવળની જેમ જિજ્ઞાસુને પોતાના દોષ તરત કાઢવાનું કડક વીર્ય હોય છે. / જિજ્ઞાસુ જીવ શીઘ્રતાથી પોતાના દોષ દૂર કરવાનો પુરુષાર્થ કરે છે.

(VII) નીચેના દૃષ્ટાંત સંક્ષેપમાં લખી તેનો પરમાર્થ સમજાવો. (Write the following examples in brief and their parmarth.) Marks : 25

દરેક સાચા જવાબ માટે 5 marks આપવા.

(૧) દૃષ્ટાંત - ટ્રેઈન ટ્રેક બદલે ત્યારે બહુ ખ્યાલ નથી આવતો પણ આગળ જતાં ખબર પડે કે માઈલોનું અંતર પડી ગયું છે. – 2 1/2 marks

પરમાર્થ - માન્યતા બદલાય, સવળી થાય એ ફરક બહુ મોટો નથી લાગતો પણ આગળ જતાં ખબર પડે છે કે અન્ય સંસારીઓથી કેટલો બધો ફરક પડી ગયો છે. – $2^1/2$ marks

(૨) દૃષ્ટાંત - ત્રાંબાનો તાર વીજળીને પકડીને સીધી જમીનમાં પહોંચાડી દે છે. – $2^1/2$ marks

પરમાર્થ - તેમ સાધકની એવી ચૈતન્યરુચિ હોય છે કે તે સદ્‌ગુરુના બોધને પકડીને તરત આત્મામાં પહોંચાડી દે છે. / સાધક સદ્‌ગુરુના બોધને ગ્રહણ કરીને અંતરમાં પરિણમાવી દે છે. – $2^1/2$ marks

(૩) દૃષ્ટાંત - શિકારી સિંહને ગોળી મારે તો સિંહ બંદૂક પર નહીં, શિકારી પર કૂદે છે. કૂતરાને કોઈ લાકડી મારે તો તે લાકડી મારનારને બદલે લાકડી પર કૂદે છે. – $2^1/2$ marks

પરમાર્થ - આત્મનિરીક્ષણ દ્વારા સાચા કારણને પકડવાનું છે. બહાર બનતી ઘટના કે વ્યક્તિ તો સેકન્ડરી કારણ છે, નિમિત્ત કારણ છે. પ્રાઈમરી કારણ, મુખ્ય કારણ પોતાની અંદર શોધવાનું છે. / કોઈ ઘટના બને તો સાધકે તે ઘટના કે વ્યક્તિને દોષ આપવાને બદલે પોતાનો દોષ પકડવો જોઈએ. – $2^1/2$ marks

(૪) દૃષ્ટાંત - શેરડીના સાંઠામાં હકીકતમાં બે ચીજ છે - રસ અને કૂચો. તેને મશીનમાં નાખવાથી કૂચો ટળતો જાય છે અને રસ આવતો જાય છે. – $2^1/2$ marks

પરમાર્થ - જીવે વિભાવકાળે આ પ્રકારે ભેદજ્ઞાન કરવું જોઈએ. પોતાને વિભાવરૂપ માનવાને બદલે હું અને વિભાવ એમ બન્ને ભિન્ન માનવા જોઈએ. આ ભેદજ્ઞાનથી વિભાવ ટળતો જાય છે અને સ્વભાવ તરફનું વલણ વધતું જાય છે. / ક્રોધાદિ વિભાવ વખતે સ્વભાવ અને ક્રોધાદિ વિભાવનું ભેદજ્ઞાન કરવું જોઈએ. 'હું ક્રોધી' નહીં પરંતુ 'હું અને ક્રોધ' એમ ભિન્નતા ભાસવી જોઈએ. – $2^1/2$ marks

(૫) દૃષ્ટાંત - મિલિટરી પરેડ વખતે કર્નલ એકદમ સજાગ હોય છે. તે માત્ર સામે જુએ છે. આમતેમ, ડાબે-જમણે, પસાર થઈ ગયેલા કે હવે આવવાના સૈનિકો તરફ જોતો નથી. – $2^1/2$ marks

પરમાર્થ - તેમ ધ્યાનમાં જે વિચાર, ભાવ આવે તેના સાક્ષીમાત્ર રહેવાનું છે. ભૂત-ભવિષ્યમાં ન જતાં માત્ર વર્તમાનમાં સજગ રહેવાનું છે. – $2^1/2$ marks

* * *